શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૭
અંક : ૧૦

## સ્થાનિક સ્વરાજ

પંચાયતી રાજની સ્થાપના પુર્વે સ્થાનિક કક્ષાએ શાસન વ્યવસ્થાઓ જે તે વિસ્તારના લોકોની જરૂરિયાત મુજબ બની હતી અને અનુભવના આધારે ફેરફારો પણ થતા હતા. લોકોની સુવિધા અનુસાર માળખાઓ પ્રસ્થાપિત થયા, કયાંક જે તે રાજયના કાયદાઓ હેઠળ તો કયાંક સ્વતંત્ર રીતે કાર્યરત હતા.

હાલમાં આપણે ત્યાં ત્રિસ્તરીય પંચાયતી રાજની સંસ્થાઓ અમલમાં છે. લોકો પોતાને પ્રાથમિક સુવિધા પ્રાપ્ત થાય તે માટે સૌથી પ્રથમ આ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસે અપેક્ષા રાખે છે. તેના બદલામાં તેઓ લાગુ કરવામાં આવેલા દરેક વેરાઓ ભરે છે. સલામતિ અને સુરક્ષા બાબતે લોકો રાજય પાસે અપેક્ષા રાખે છે. તેના બદલામાં પણ તે વેરાઓ ભરે છે. રાજય અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સેવાઓ પુરતા પ્રમાણમાં પ્રાપ્ત ન થાય ત્યારે તેમની મુદત પુરી થાય ત્યાં સુધી રાહ જુએ છે અને ચુંટણી વખતે સત્તા સ્થાનના ચહેરાઓ બદલાય તે માટે તેઓ પોતાનો મત આપે છે. ઘણાં લોકો આ બાબતે નારાજ રહી કે ઉદાસીનતા દાખવી મત આપવા જતા નથી. વિશ્વના દરેક માળખાઓમાં આ બાબત જોવા મળે છે. ગુજરાતમાં મતદાન ફરજીયાત કરવાનો નિર્ણય થયો છે પરંતુ અમલ બાબતે શું થશે તે જોવાનું રહે.

આ અંક આપના હાથમાં હશે ત્યારે સરદાર સાહેબની જન્મ જયંતિ નિમિતે યાદ તાજી થાય. તેઓ કહેતા કે, ''આજે તો પ્રજાના મતનું રાજ છે. જો તમારી પણ તેમાં જવાબદારી ન હોય તો મત આપી ત્યાં મોકલવાનો અર્થ શો ? તમે જેને મત આપી મોકલો છો એ ત્યાં શું કરે છે એ તમારે જાણવું સમજવું જોઈએ. જયારે આગેવાનોમાં જ શ્રધ્ધા ન હોય ત્યારે આપણે જરૂર હારી જવાના.''

ભારતમાં લગભગ ૨૭ રાજયોના ૪૮૬૨ સાંસદ અને ધારાસભ્યો, ૫૦૦ જેટલી જીલ્લા પંચાયતો, ૬૦૦૦ તાલુકા પંચાયતો, ૨૫૦૦૦૦ ગ્રામ પંચાયતો, ૮૯ મહાનગરપાલીકાઓ, ૧૫૦૦ નગરપાલીકાઓ અને ૧૮૦૦ જેટલી બરો નગરપાલીકાઓ અસ્તિત્વમાં છે તેમાં આપણે ૩૮ લાખ જેટલા લોકપ્રતિનિધિઓને ચુંટીને આપણા પર રાજ કરવા સત્તા આપીએ છીએ.

**બીજા પ્રત્યે ઉદાર, પોતાના પ્રત્યે ઉદાસીન થવું તે જ સાચું માનવજીવન**







સંસ્કાર વિનાનું શિક્ષણ તેલ વિનાના દિપક સમાન છે.

## ટકાઉ ખેતી

ખેડૂત મિત્રો, ગયા અંકે આપણે ફુલ ભમરી અને ગુલાબી ઈયળના નુકશાનથી કેવી રીતે બચી શકાય તે બાબતે વાત કરી હતી. આશા રાખું છું કે, આપે તે ઉપયોગ અજમાવ્યો હશે. તેનો ફાયદો પણ મળ્યો હશે. આ વખતે આપણે વાત કરવી છે, વીણીની : કપાસની ખેતીમાં વીણી એ એક અગત્યનું પરિબળ છે. વીણીના સમય પહેલાં પેસ્ટીસાઈડ્સનો ઉપયોગ ટાળવો.

વીણી કાર્યમાં બાળમજૂરનો અને સગર્ભા મહિલાઓનો ઉપયોગ ન થાય તેની કાળજી રાખવી, કપાસની વીણી ટુંકા ગાળાની રાખવી, જેથી આગળના પાકને રોગ–જીવાતથી બચાવી અને સારૂ ઉત્પાદન મેળવી શકાય.

દરેક વીણી પ્રમાણે કપાસનો સંગ્રહ અલગ જગ્યાએ કરવો.

વહેલી સવારે કરેલ વીણીના કપાસને બપોરે છાયામાં સુકવવો.

વીણી વખતે માથા પર સ્કાર્ફ અથવા કપડું બાંધવુ જેથી કપાસ સાથે વાળ ના ભળે.

કપાસમાં વીણી નીચેથી ઉપર તરફ કરવી જેથી કચરો ઓછો આવે.

વીણી કોટનનાં કોથળામાં જ કરવી. કપાસમાં કોઈ માવા ગુટકાના કાગળના ભળે તેની ખાસ તકેદારી રાખવી.

વેરાયટી મુજબ કપાસને અલગ રાખવો. સંગ્રહ સુકી અને સલામત જગ્યા પર કરવો.

કપાસના પરિવહન વખતે બુંગણ ઢાંકવું.

કપાસના ભાવ તેની ગુણવતા, રેસાની લંબાઈ અને મજબુતાઈ વગેરેના આધારે થાય છે. જો ઉપરની કાળજી રાખવામાં આવે તો ભાવ સારાં મેળવી શકાય. આ મુદ્દાઓને ધ્યાને લઈને વીણી કરી શકાય તો સારા અને સ્વચ્છ કપાસની વીણી કરી શકાય.

આશા રાખું છું કે આપ આ બાબતોની કાળજી રાખશો.

***ડી. એન. ઝાલા (એસએસકેકે ધોકડવા)***

### સાવધાન વ્યસનથી

વિરોધ કરો વ્યસનનો તો જીવવાની આવશે મજા
છોડો હંમેશા વ્યસન, સમાજની નહી આવે લજજા
શ્રદ્ધાંજલી આપો વ્યસનને તો નહી થાય કંઈ સજા
શરીરથી છોડશો વ્યસનને તો આવશે સાચી મજા
લાવશો નહીં કદી વ્યસનને કંઈ નહી થાય સજા
જીવન તમારૂં તંદુરસ્ત બનશે એવી કયાં મળશે મજા
લાચાર ન બનો વ્યસન મુકે તો કંઈ નહી થાય સજા
નહિતર પછતાવો થશે વ્યસનથી નહી રહે મજા
જીંદગીનાં દાવામાં વ્યસનથી ચુકી ગયા તો સજા
આખરી દાવામાં વ્યસન મુકી રહયા તો મજા
અમુલ્ય જીંદગીમાં ઝેર ભરશે તો છે સજા
આ જીંદગીનું મુલ્ય સમજી લેશો તો છે મજા
આખરી વાર કહુ છું લાગશે તમને થોડીક સજા
મિત્રો !
માનો તો તમારા માટે જીવવાની આવશે ખરી મજા

***– હંસરાજ પેથાણી (ત્રંબોડા)***

**પ્રાર્થના પછી સારા પુસ્તકોનું વાંચન છાત્ર ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે.**

## લેખન શિબિર

સંસ્થાના કાર્યકરોનું લેખનકાર્ય કૌશલ્ય વિકસે અને અસરકારક બને તે હેતુથી તારીખ ૯–૧૦ ઓક્ટોબર, ૧૫ ના રોજ એક લેખન શિબીર યોજાઈ હતી. આરંભમાં સંસ્થાના ડાયરેક્ટર શ્રી ધીરૂભાઈ વાગડીયાએ સંસ્થામાં ચાલતા કાર્યોમાં લખવાના મહાવરાની માહિતી આપી. આજનાં શિક્ષિત યુવક/યુવતિઓને સામાન્ય અરજી સારી રીતે લખવાની ક્ષમતાનો અભાવ હોવાનું જણાવી લેખન પ્રત્યે અરૂચી વધતી જાય છે એ બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. કાર્યકરોનાં લેખન કૌશલ્યમાં નિપુણતા વધે તે હેતુથી આ શિબીરનું આયોજન કર્યુ હતું. તાલીમકાર ચરખા સંસ્થાનાં વિકાસલક્ષી પત્રકાર શ્રી સંજયભાઈ દવેનો પરિચય આપ્યો ત્યારબાદ સંસ્થાની ટીમને દસ્તાવેજીકરણનું મહત્વ,



દૈનિકનોંધ, માસિક, છ માસિક, વાર્ષિક અહેવાલો, કેસ સ્ટડી અને તાલીમ અહેવાલો સારી રીતે લખતાં શીખે તેવી આશા વ્યકત કરી હતી.

તાલીમની શરૂઆત પ્રાર્થના તેમજ સર્જનાત્મક રીતે કાર્યકરોએ પરિચય આપી કરવામાં આવી હતી. જુદા–જુદા પાંચ તાલુકાના ૩૫ (૧૦ બહેનો/ ૨૫ ભાઈઓ) કાર્યકરો જોડાયા હતા. શ્રી સંજયભાઈ દવેએ તાલીમની શરૂઆત કરતા ચરખાની સ્થાપના ૧૯૯૪ દિલ્હીમાં અને ૧૯૯૫ અમદાવાદમાં થઈ હતી. હાલ પાંચ રાજયમાં કામ કરી રહી છે. જેનો મુખ્ય ઉદ્દેશ લોકોની આસપાસ બનતી ઘટનાઓ કે સામાજિક કાર્યકરો લખતા થાય. લખીને ચરખામાં આપે અને આપનાર વ્યકિતના નામે

છાપામાં લેખ પ્રસિધ્ધ થાય તો લેખકને પ્રોત્સાહન મળે અને લોકોમાં હકારાત્મક અભિગમ ઉદ્ભવે. આપણે આ બે દિવસમાં દૈનિક નોંધ, માસિક અહેવાલ, કેસસ્ટડી શીખીશું. લેખન એટલે સર્જન કરવું, કાર્યકરોનું લેખનકાર્ય વિકસે જેથી અહેવાલો સારી રીતે લખી શકાય તે માટે મિટીંગ કે તાલીમમાં ઝડપથી લખવાનો મહાવરો કરવો. કોઈપણ પ્રકારની માહિતીનો લેખિત, ઓડિયો, વિડિયો કે તસ્વીર સ્વરૂપે સંગ્રહ કરવો એટલે દસ્તાવેજીકરણ. તેમાં દૈનિક નોંધ, માસિક અહેવાલ, તાલીમનો અહેવાલ, કેસ સ્ટડી, નાણાકીય દરખાસ્ત, પ્રોજેકટ પ્રપોઝલ, પ્રેસનોટ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. દસ્તાવેજીકરણ કરતી વખતે કેટલીક બાબતો ધ્યાનમાં લેવી જોઈએ જેમ કે લેખિત સ્વરૂપે માહિતી લેવાની હોય તો ડાયરી અને પેન, વિડીયો સ્વરૂપે હોય તો શુટીંગ



માટેના સાધનો, રેકોર્ડીંગ કરવાનુ હોય તો રેકોર્ડર, ફોટો લેવાના હોય તો કેમેરા વેગેરે જેવા સાધનો પહેલેથી જ બરાબર ચેક કરીને સાથે લેવા જોઈએ. દસ્તાવેજીકરણથી ઘણા લાભો થતાં હોય છે. તેમાથી આપણને આગળનાં આયોજન માટેનો ખ્યાલ આવે છે, એક સાચી સાબિતી, શીખ, દિશા અને સ્મૃતિ મળે છે. આજકાલ આપણને લખાણ પ્રત્યે અરૂચી થવાના કારણો જોઈએ તો આળસ, ઈચ્છા શકિતનો અભાવ, આવડત, ડર, સમય ના હોય, પ્રાથમિકતા વગેરે. આમ, બે દિવસમાં ખૂબજ સરળ અને સહજ રીતે લેખન કાર્ય શીખવાની પ્રક્રિયા ચાલી. અંતે સૌ આ મહિને સુધારણા પૂર્વક પોતાનો અહેવાલ લખીને સંસ્થાને મોકલશે તેમ જણાવ્યુ હતું.

**સુખમાં છકે નહી અને દુઃખમાં ડગે નહી એ મહામાનવ.**

## રમકડાં

નવરાત્રીનાં તહેવાર દરમ્યાન અમે બાળકો સાથે રાસ ગરબા રમતા હતાં ત્યારે એક એવો બનાવ બન્યો જેનાથી અમારા સૌના હૃદય દ્રવી ઉઠયા.

રાસ–ગરબાની રમઝટ ચાલું હતી લગભગ રાત્રીના અગિયાર વાગ્યા હતાં. મોટાથી માંડીને બધા નાના ભૂલકાઓ સુધીના લોકો રાસ રમવામાં મગ્ન હતાં. એવામાં એક ફેરીયાવાળો સાઈકલ લઈને ત્યાં આવી પહોચ્યો અને આશા રાખતો હતો કે કોઈ તેના રમકડા અને ફુગ્ગા ખરીદે. અમે બાજુમાં જ ઉભા હતાં ને અમારાથી એક વ્યકિત તેની મશ્કરી કરતાં બોલી કે આટલી મોડી રાત્રીએ આ ફેરીયો રમકડાં વેચવાં આવ્યો છે કે પછી આપણાં ગરબા જોવા? તેનું કુટુંબ તેની રાહ જોતું હશે અને ભાઈ અહીં નીરાતે ગરબા જોવાની મજા માણે છે. એટલામાં એ ફેરીયો અમારી નજીક આવ્યો અને બોલ્યો સાહેબ, તમારા બાળકો માટે એક રમકડું લઈ લો, ફુગ્ગો લઈ લો, તમારૂ બાળક ખુશ થાશે.

તેની કરૂણ આંખો કંઈક કહેવા માંગતી હતી જે કદાચ અમે કોઈ સમજી ન શકયા પછી મે પુછયું ભાઈ તારે બાળકો નથી? તારા કુટુંબ સાથે રહીને તું પણ નવરાત્રી મનાવ. એ ફેરીયાએ મને કહયું કે સાહેબ, મારી અગિયાર વર્ષની બાળકીએ આજ સવારથી કંઈ ખાધું નથી, કારણ કે તને રાસ રમવા માટે દાંડીયા લેવા છે. તમે બધા તો તમારા બાળકો માટે નવા કપડા, પગની ઝાંઝર, હાથમાં બંગડી, ચણીયા ચોલી વગેરે જેવી કીંમતી વસ્તુઓ લઈ આવ્યા હશો પણ હું શું કરૂ? મારી દીકરી એટલી સમજૂ છે કે એ કયારેય મારી પાસે નવા કપડા કે કીંમતી વસ્તું ખરીદવાની જીદ નથી કરી. આજે મારા રમકડા વેંચાયા નથી જો આપ કંઈક લો તો હું ઘરે જતી વખતે મારી દીકરી માટે એક જોડી દાંડીયા ખરીદતો જાઉં અને તેની આ જીદ પુરી નહીં કરૂ તો એ પણ ખાધા વગર ભૂખી જ સુઈ જશે.

તેનો આ જવાબ સાંભળીને અમારી આંખો ભીની થઈ ગઈ અમે બધાએ તેને એટલા રૂપિયા ભેગા કરીને આપ્યાં કે તેની બાળકી માટે એક જોડી દાંડીયા અને નવા ચણીયા ચોલી આવી જાય.

એક બાજુ આપણે ૨૧મી સદીમાં ભારતને બદલવાની વાતો કરીએ છીએ પરંતુ આપણી આસપાસ નજર કરીએ તો જણાશે કે હજુ ઘણું બધુ બદલવાનું બાકી છે. તે બદલવાની શરૂઆત આપણે જ કરવી પડશે. એક બાજૂ એવો ઉચ્ચ વર્ગ છે જેની પાસે અઢળક સંપતિ છે. તેમના બાળકોને કદાચ ખબર પણ નથી કે દુઃખ કોને કહેવાય અને બીજી બાજુ એવા અનેક લોકો છે કે જેમને તેમના જીવન જરૂરીયાતની વસ્તું પણ તેઓને મળતી નથી.

બધા જ બાળકો, યુવાનો, વડીલો દરેક તહેવારો ખુશીથી ઉજવી શકે તેવી શુભકામનાઓ.

**– પ્રેમલ જોષી**

***સિદ્ધિ સરોજ તો પુરૂષાર્થના સરોવરમાં જ શોભાયમાન થાય છે***

## હેલ્થ કેમ્પ

ઉત્તમ કપાસની પહેલ કાર્યક્રમ સાથે અમરેલી અને ગીર સોમનાથ જીલ્લાના ૭૧ ગામોના ૭૦૦૦ ખેડૂતો જોડાયેલા છે. જે પૈકી રબારીકા (ખાંભા), ઈંટવાયા (ગીરગઢડા) અને ગાંગડા (ઉના) ત્રણ ગામોમાં તા. ૨૭–૨૮ અને ૨૯ ના રોજ સર્વરોગ નિદાન તેમજ નેત્રનિદાન કેમ્પ યોજાયો હતો.

ઉપરોકત ગામો પૈકી અંતરીયાળ ગામો તથા વાડી વિસ્તારના રહેવાસીઓ ઘણી વખત મોટી હોસ્પીટલો સુધી રોગના નિદાન માટે પહોચી શકતાં નથી.

ગ્રામ્ય કક્ષાએ અપુરતી સારવારને લઈ ઘણાં લોકો વિવિધ રોગોથી પિડીત હોય છે. આ પ્રકારના દર્દીઓને વિના મુલ્યે રોગોનું (આંખ અને સર્વરોગ) નિદાન કરી આપવું એવા હેતુથી આ ત્રણ ગામમાં આ માસમાં આરોગ્ય શિબીર યોજી હતી. જેમાં નેત્ર નિદાન કેમ્પ માટે રાજકોટથી ડો. બળવંત તેમજ સર્વરોગ નિદાન માટે અમરેલીથી ડો. આનંદ એ નિદાન કરી સારવાર કરી હતી.

આ શિબીરની વ્યવસ્થાઓ સંસ્થાની ટીમ તથા ગામ લોકોએ સાથે મળીને કરી હતી. પ્રચાર માટે આ ખેતી કાર્યક્રમની પ્રવૃતિઓ જેવી કે એલજી મીટીંગ, ખેડૂતો/ખેત મજુરો તથા મહિલાઓની તાલીમ, પ્રેરણા પ્રવાસ અને ફાર્મર્સ ફીલ્ડ ડે જેવા કાર્યક્રમો દરમ્યાન આ આરોગ્ય શિબિરની વિગતવાર માહિતી આપવામાં આવી હતી. પત્રિકાના માધ્યમથી પણ લોકોને જાણકારી આપવામાં આવી હતી. જેથી આજુબાજુનાં બધા જ ગામના લોકો આ કેમ્પમાં જોડાઈ અને દર્દીઓ હોય તે કેમ્પનો લાભ લઈ શકે.

કેમ્પનાં સ્થળ પર જરૂરી સાધનો માટે ગામના સરંપચશ્રી અને સંસ્થાના કાર્યકરો દ્વારા કેમ્પમાં આવનાર દર્દીઓને અગવડતા ના પડે તે માટે ખાસ કાળજી રાખવામાં આવી. જરૂરી સાધનો, દવાઓ, ચા–પાણી અને નાસ્તો વગેરે વ્યવસ્થાની કાળજી લેવામાં આવી. ઈંટવાયા, રબારીકા અને ગાંગડા એમ ત્રણે ગામોમાં કુલ ૩૫૩ દર્દીઓએ લાભ લીધો હતો જે પૈકી ૬૮ દર્દીઓને મોતીયાનાં ઓપરેશન માટે રાજકોટ વિના મુલ્યે સારવાર માટે લઈ જવામાં આવ્યાં અને અન્ય દર્દીઓને રાહત માટે આંખના ટીંપાની સારવાર તથા આંખની કાળજી લેવા સલાહ આપવામાં આવી હતી. સર્વનિદાન કેમ્પમાં મોટા ભાગે વાયરલ ફિવર અને શરદી ઉધરસનાં કેસો જોવા મળ્યાં જેમાં સામાન્ય દર્દીઓને કેમ્પમાં પ્રાથમિક સારવાર પુરી પાડવામાં આવી. ગંભીર બિમારીવાળા દર્દીઓને નિષ્ણાંત તબીબોનો સંપર્ક કરવા જણાવ્યુ હતુ.

**અપવિત્ર વિચારપણ અપવિત્ર કર્મ જેટલો જ ભયંકર છે.**

**Happy birthday**

Shailesh Malavi 25-11-1991

**In this month**

7 GIR FARMS PRODUCER COMPANY LIMITED is incorporated under the Companies Act, 2013

9-10 Write workshop (Lekhan Shibir)

16 BCI visit of Producer Unit 1 and 2 at Timbi, Pipariya villages and Khambha field office.

23 Expouser visit by Producer Unit 2 at KVK Targhadiya.

27-29 Eklnari Aam sabha, New Delhi.

27 Health camp, Intvaya.

28 Health camp, Gangada.

29 Health camp, Rabarika.

## રમુજ એક થેરપી

**ગટુ** : અલ્યા ચિંટુ, તને ખબર છે, મમ્મી અને પત્ની વચ્ચે શો તફાવત છે. ?

**ચિંટુ** : ના, શું તફાવત છે ?

**ગટુ** : મમ્મી રડતા રડતા આ દુનિયામાં આપણને લાવે છે. જયારે પત્ની એ ખ્યાલ રાખે છે કે આપણું રડવાનું કયાંક બંધ ના થઈ જાય.

ગુજરાતમાં ૨.૨૫ લાખ ખેડૂતો વધ્યા, પણ ૩.૭૧ લાખ હેક્ટર ખેતીની જમીન ઘટી (એગ્રીકલ્ચરલ સેન્સસ ૨૦૦૫.૦૬ અને ૨૦૧૦.૧૧ પ્રમાણે)

– **પાથેય સમાચાર**

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર (૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**પ્રાર્થના ધર્મનો સ્તંભ અને સ્વર્ગની ચાવી છે.**